# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARATI BHASHA DIVAS

આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે. આ દિવસને કવિ-સાહિત્યકાર નર્મદની જયંતિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સર્વે ગુજરાતીઓને આ દિવસની શુભકામના પાઠવી.

શ્રી શાહે ગુજરાતીઓને ગુજરાતી ભાષા અને તેની સમૃદ્ધ સાહિત્યિક પરંપરાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રસાર-પ્રચારમાં સક્રિય ભૂમિકા ભજવવા આહ્વાન કર્યું.

. . .

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના સરદાર ધામમાં નિર્મિત કન્યા છાત્રાલયનું લોકાર્પણ કરશે. અમદાવાદમાં વૈષ્ણવ દેવી સ્થિત સરદાર ધામ ખાતે ત્રણ હજાર કન્યાઓ માટે આ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલી આ હોસ્ટેલનું લોકાર્પણ કરશે.

........................................

રીપીટ

# STATE DAM

ભારે વરસાદને કારણે રાજ્યનાં 87 જળાશયો હાઇ એલર્ટ પર છે , જેમાં 62 જેટલા જળાશય સંપૂર્ણ ભરાયા છે. જ્યારે 224 જેટલા માર્ગ અવરજવર માટે બંધ કરાયા છે. મહીસાગરના બાલાસિનોરનો વણાકબોરી બંધ ઓવરફ્લો થયો છે , જેમાંથી 52 હજાર 394 ક્યુસેક પાણી છોડાયું છે. જ્યારે કડાણા બંધના 4 દરવાજા 4 ફૂટ સુધી ખોલી 40 હજાર ક્યુસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું. કડાણા બંધ 92 ટકા ભરાતા 8 જિલ્લાના ખેડૂતોમાં ખુશીનો માહોલ વ્યાપ્યો છે. મોરબીના મચ્છુ-3 ડેમમાં પાણીની આવક થતાં એક દરવાજો ખોલવામાં આવ્યો છે જેથી નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

ભારે વરસાદના પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વર્તુ-2 બંધના 6 દરવાજા 4 ફૂટ ખોલાતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે. કલ્યાણપુર - રાવલના પુલ પર પાણી ફરી વળતાં દ્વારકા-પોરબંદરને જોડતો રાજ્ય ધોરી માર્ગ બંધ કરાયો છે. ભારે વરસાદને પગલે સુરત-ભરૂચ જિલ્લામાંથી પસાર થતી કીમ નદી બે કાંઠે વહેતી થઈ છે. માંગરોળનો લો લેવલ કોઝવે પર નદીના પાણી ફરી વળ્યાં છે.

મહેસાણાના ધરોઈ બંધમાંથી પાણી છોડાતા વડનગર નજીક 6 લોકો ફસાયા હતા. જેમને વહીવટી તંત્ર દ્વારા બચાવી લેવાયા હતા.

ગાંધીનગરના સંત સરોવરના તમામ 21 દરવાજા ખોલી 63 હજાર 224 ક્યુસેક સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું છે. જેને પગલે નદી કાંઠાના 28 જેટલા ગામોને એલર્ટ કરાયા.

. . .

# GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 81 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. આજે રાજ્યના 160 તાલુકામાં વરસાદ નોંધાયો છે. બનાસકાંઠાના દાંતામાં આજે અઢી ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે મોરબી જિલ્લાના માળીયામાં સવારે બે કલાકમાં સવા બે ઇંચ અને હળવદમાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે. સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં દોઢ ઇંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

. . .

# TAPI DEATH

તાપી જિલ્લાના સોનગઢના ખડકા ચિખલીથી જુનવાણ માર્ગ પર ગઇકાલે બાઇક સાથે ત્રણ યુવક પાણીના વહેણમાં તણાઈ ગયા હતા. જેમાંથી બે યુવકને સ્થાનિકો દ્વારા બચાવી લેવાયા જ્યારે એક યુવક પાણીમાં તણાઈ ગયો હતો. ત્યારે આજે પાણીના વહેણમાં તણાઈ ગયેલ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

. . . . . . .

# WEIGHTLIFTING

અમદાવાદના નારણપુરા ખાતેના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આ સ્પર્ધાનું ઉદઘાટન થશે. 25થી 31 ઓગસ્ટ દરમિયાન યોજાનારી વિવધ સ્પર્ધાઓમાં 30 કોમનવેલ્થ દેશોના 291 એથલિટ્સ ભાગ લેશે. આ સ્પર્ધા ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ પણ હશે.

આ પ્રસંગે રાજ્યના રમતગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને આંતર રાષ્ટ્રીય વેઇટ લિફ્ટીંગના અધ્યક્ષ મહમદ હસન જાલૂદ પણ ઉપસ્થિત રહેશે..

. . . . . .

# SUNDAY ON CYCLE

સુરત ગ્રામ્ય પોલીસે આજે 'સન્ડે ઓન સાયકલ ' અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કર્યું. કામરેજ ચાર રસ્તાથી કામરેજ ગામ સુધીની આ સાયકલ રેલીમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા. રેલીનો મુખ્ય હેતુ 'ફિટ ઈન્ડિયા' અભિયાનને પ્રોત્સાહન આપવાનો હતો. આ અંગે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ વધુ માહિતી આપી.

**(બાઇટ : રાજેશ ગઢીયા, SP)**

દરમિયાન જામનગરમાં એક સાયકલ રેલીને જિલ્લા કલેકટર કેતન ઠક્કરે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું , જેમાં સાયકલ કલબના સદસ્યો અને શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા.

. . . . .